૨૧૯૨

મહારાણા શ્રી વીક્રમાતજીની હજુ
રમાં શ્રી પોરબંદરના વહાણના
વેપારી તથાં માહાજનનોબંદર
મજકુરના ખારવાઓ બન્ને
વચ્ચે થયેલો
ઠરાવ.

K G

સુરત

ખોદાબખશ પરેસમાં મનચેરજી જમ
સેદજી પોહવાળાએ છાપી છે.

દુકાન નાણાવટ

સંવત ૧૯૪૦

મહારાણા શ્રી વીક્રમાતજીની હજુરમાં શ્રી પોરબંદરના વહાણના વેપારી તથા મહાજનને બંદર મજકુરના ખારવાઓ બન્ને વચ્ચે થયેલો ઠરાવ.

મહારાણા શ્રી વીકમાતજી—જોગ લાગ પોરબંદરના વેપાર કરવાવાલા વેપારીઓ વહાનેના ધંધાવાલા તથા એવહાણમાં ચડવાવાલા ખારવાઓ જત હમારેને વેપારીઓને દેશાવર જાય તેમાં લેવા દેવામાં તકરાર આવતાં એ વાત શ્રી દરબાર હજુર આવતાં પરસ્પરની રજુવાતે તપાસ કરી તથા આગલનાં થયેલા લખતો તથા વહીવટો જોઈ તપાશી વેપારીઓને દેવુ ને વહાણમાં ચડનાર ખારવાઓને લેવું તેનો ઠરાવ પરસ્પરની મંજુરીથી થયો તે નીચે પરમાણે.

૧ પોરબંદરથી માલ ભરી નવીબંદર વાહાણ જાય ત્યા માલ ઉતારી ત્યાંથી માલ ભરી યા ખાલી વાહાણ અંઇ આવે ત્યાં શુધી તે વાહાણમાં જેટલાં માણસ ખારવા ના ચડા હોય તે જણ એક કોરી ૧)

૨ આંહીથી વાહાણ માલભરી માધુપોર જાય અને ત્યાંથી ઉપર પરમાણે આંહી આવે ત્યાં સુધી જણ ૧)કે કારી ૨)લેએ

૩ આંહીથી વહાણ માંગરોલબંદરે માલ ભરીને જાય અને ત્યાંથી કલમ પેહેલી પરમાણે આંહી આવે ત્યાં સુધી જણ ૧)કે કોરી ૩) પરમાણે

૪ આંહીથી સદર હુ પરમાણે વેરાવલ બંદરે જઇ આવે તેજન ૧)કે કોરી ૪

૫ આંહીથી કોડીનાર બંદર શદર હુ પરમાણે જઇ આવે તેજન ૧)કે કોરી ૬) લેએ

૬ આંહીથી દીવ બંદર અથવા નવા બંદર જઇ આવે સદરહુ પરમાણે તો જણ ૧)કે કોરી ૭) પરમાણે

૭ આહીથી જાફરા બાદ બંદર જઇ સદર હુ પરમાણે આવેતે જણ ૧)કે કોરી ૮)આઠ પરમાણે

૮ આંહીથી ભેરાઇ બંદર જઇ સદર હુ પરમાણે આવેતે જણુ એક કોરી ૮) આંઠ પરમાણે

૯ આંહીથી માલભરી મવે જઇ સદરહુ પરમાણે આવેતેજ ણુ ૧)કે કોરી ૯

૧૦ આંહીથી માલભરી ભાવનગર અથવા ગોઘા બંદર જઈ ત્યાંથી સદરહુ પરમાણે આવેતો ખલાસ ૧)કે કોરી ૧૨) લેએ તથા વલતે માથે ખલાસ એકે રૂપીઆ ૧) લેએ

૧૧ આંહીથી માલભરી બાવરીઆ અથવા ટંકારીઆ બંદર જઈ સદરહુ પરમાંણે આવેતે ખલાસ એકે કોરી ૧૪) લેએ તથા વલતા માથાનાં ખલાસ ૧)કે રૂપીઓ ૧) લેએ

૧૨ આંહીથી માલ ભરી યા ખાલી વાહણ તારાપુર તથા દેહેજના બંદરે જઈ ત્યાં થી માલ ભરી યા ખાલી આંહી આવેતે જાતાં વખતની ખલાશ ૧)ની કોરી ૧૦) લેએ તથા વલતા માંથાની ખલાશ ૧)કે રૂપીઓ ૧) લેએ નરોજ ૨૪૦ સુધીતે ઉપરના નરોજ થાય તોરૂ ૧॥ લેએ ખલાશ ૧કે

૧૩ આંહીથી વલશાડ તથા દમણ સદર હું પરમાણે જઈ આવે તે જાતાની ખલાશ ૧ ની કોરી ૧૧) લેએ વલતા માથાનું કલમ ૧૨ પરમાણે.

૧૪ આંહીથી બાલીઓરા તથા શુરત તથા ભરૂચ સદર હું પરમાણે જઈ આવે તે જાતાની ખલાશ ૧કે કોરી ૧૨)લેએ ને વલતા માથાનુ કલમ ૧૨) પરમાણે

૧૫ આંહીથી માલ ભરી મુંબઇ બંદર રૂ. પથર વીગરે હરેક જાતનો માલ ભરી જાય તે મોશમ ખુલે ત્યાંથી આશો વદ ૦)) શુધી વહાણ હંકારે તેની ખલાસ ૧ ની કોરી ૧૦)લેએ બાદ કારતક સુદ ૧ થી તે ફાગણ સુદ ૧૫સુધી વહાણ હંકારે તે ખલાશ ૧ ના કોરી ૯) લેએ ફાગણ,વદ ૧ થી વહાણ હંકારે તેની ખલાશ ૧ ની કોરી ૧૦ લેએ એ રીતે જાતાનુ ને તે વહાણ મુંબઇથી માલ ભરી યા ખાલી આવે તે ખલાસ ૧કે રૂપીઓ ૧લેએ નરોજ ૨૪૦ સુધી તે બાદ ખલાશ ૧)કે રૂપીઓ ૧॥ લેએ ઉપરનો માલ રસ્તાના બંદરોમાં ચડે ઉતરે તેની ઉતરામણી નથી.

૧૬ આંહીથી વહાણ હંકારી મુંબઇ જાય ત્યાંથી માલ ઉતારી ત્યાંથી માલ ભરી અથવા ખાલી વહાણ સુરત ભરૂચ ને તે તરફનાં નારના બંદરો જાય તેની ખલાશ ૧ ની કોરી ૧૨) લેએ તેમાં પોરબંદરથી મુંબઇ સુધીની ખલાશનું આપ્યું હોયતે બાદ કરી બાકી કોરી ૧૨)માં રહેતે આપે એ વહાણ ઉપરનાં બંદરો એ જાય તેની ધરામણી તે મુંબઇની ધરામણી જણ ૧ કે રૂપીઓ ૧॥ લેએ સુરત ભરૂચ વીગરે તે તરફના બંદરો એથી માલ ભરી યા

ખાલી વહાણ આંહી આવે હરકોઈ બંદરે ધરીને આવેતે ખલાશ ૧ નો રૂપીઓ ૧) નરોજ ૨૪૦ સુધી ને નરોજ ૨૪૧ થી રૂપીઓ ૧ાા પરમાણે વલતા માથાનું

૧૭ આંહીથી માલ ભરી યા ખાલી વહાણ સુરત ભરૂચ વીગરે નારના બંદરો માં જાય તેની ખલાશ ૧ ની કોરી ૧૨ તથા ધરામણી ની જણ ૧ કે રૂપી આ ૧ લેખે તે વહાણ માલ ભરી યા ખાલી મુંબઈ જાય ત્યાંથી માલ ભ રી યા ખાલી આંહી આવે તે મુંબઈમાં ખલાશ ૧ કે રૂપીઆ ૧ નરોજ ૨૪૦ સુધી ને નરોજ ૨૪૧ થાયતો ખલાશ ૧ કે રૂપીઆ ૧ાા લેખે,

૧૮ આંહીથી સુરત ભરૂચ વીગરે નારના બંદરેમાં માલ ભરી જાય તે માલ ઉપરના બંદરોએ ઉતારી ત્યાંથી ખાલી અથવા માલ લઇને મલબાર જાય તેની ખલાશ કોરી ૨૧)લેખે મલબાર સુધી સીવાએ નારના બંદરોમાં જા ય તેની ધરામણી જણ ૧કે રૂપીઓ ૧ લેખે.

૧૯ આંહીથી માલ ભરી અથવા ખાલી મુંબઇ જાય તે માલ હોયતો મુંબ ઇ ઉતારી ત્યાંથી માલ ભરી રાજાપોર તથા ચીપનોર તથા વીંગોર્લું તથા ગોવા સુધી જાય તે ખલાશ ૧ની કોરી ૧૪) લેખે તે વહાણ વલતા માથા ની ખલાસ ૧ કે રૂપીઓ ૧ાા લેખે.

૨૦ આંહીથી પથર વીગરે માલ ભરી મલબારના બંદરોએ જાવા હંકારે તે વહાણની ખલાસ ૧)ની કોરી ૨૧ લેખે અલગોઇ સુધીની તેમાં તે વહા ણ મુંબઇધરી મલબાર જાય તે નીચે પ્રમાણે.

૧ પથરા ભરેલા હોય તે ઉતારે જણ ૧કે રૂ૦ાા લેખે બાકીમાલનુ કાંઇનહી

૨ મુંબઇથી મીઠું મલબાર ભરીજાય તેની વીગત.

૧ મુબઇના બંદરમાંથી ભરેતો જણ ૧)કે રૂ૧

૨ મુંબઈ ઉપલા બંદરમાંથી ભરેતો જણ ૧)કે રૂ૨ાા

૩ મુંબઇના ઉપલા બંદરના ગાણગામાંથી ભરેતો જણ ૧)કે રૂ૩)

૪ ધોડા ઉપરના વહાણમાં મુંબઇથી ચડાવી મલબાર લઇ જાયતો જણ ૧) કે રૂ ०ાા લેખે

૨૧ ઉપર પરમાણે વહાણ મલબાર ગયું હોય ત્યાં માલ ઉતારી ત્યાંથી માલ ભરી આંહી આવે તે મલબારમાં નીચે લખ્યા બંદરોમાં થઇ આવે તેના વલતા માથાનું નીચે પરમાણે.

૧ કલીકોટને તાદુરથી વરેતા ખલાસ ૧)કે રૂ ૨) લેખે.

૨ ઉપરના બંદરથી પીંડાણીના બંદરે જઈ આવેતો ખલાસ ઉપર પરમાણે શીવાએ જણ ૧) કે રૂ૦॥ લેએ.

૩ ઉપરના બંદરે થઇ કોચી બંદરેથઇ આવેતો ખલાસ ૧ કે રૂ૩) લેએ

૪ ઉપરનાં બંદરે થઇ અલપોઇનાં બંદરે થઇ આવેતો કલમ ૩ માં લખ્યા પરમાણે ખલાસ શીવાએ જણ ૧ કે રૂ૧) લેએ

૫ મલબારના ઉપલા બંદરો વીંગોલેથી કોચી અલપોઇ સુધી જાયતેમાં રસ્તાના બંદરોમાંથી વહાણ• ધણીનોમાલ તથા નોરાવમાલ ચડાવેલો હોય તે ઉતારે તો જે બદરે ઉતરે ચડાવે તેમ છેલે બંદરે જઇ આ તરફ આવી તે બંદરે ઉતરામણીનો જણ ૧) કે રૂ૦॥ લેએ આપે કદી ઉપર લખ્યા બંદરોમાંથી આવ્યા વહાણની ભરતી નોરાવ તથા માલ ધણીનો માલ હોય ને ઉતારે ને ત્યાંથી માલ નોરાવ ચડાવેતો ઉપરની ઉતરામણી સીવાય જણ ૧) કે રૂ૦॥ લેએ આપે વહાણ ધણીનો માલ ચડે ને ઉપરના બંદરોમા ઉતરેનહી તો તેની ઉતરામણી નહીં.

૬ આંહીથી વહાણમાં પાટો ભરી હોય ને મલબાર જાય તેમાં બીજો માલ ભરેલો હોય તે બીજો માલ મુંબઇ ઉતારી પાટો ભરેલો હોયતે પાટો મલબારમાં ઉતરેતો પાટોની ઉતરામણી જણ ૧ કે રૂ૦॥ લેએ

૭ મલબારથી માલ ભરી શુરત તથા ભરૂચ વીગરે નારના બંદરમા માલ ઉતારી ત્યાંથી માલ ચડાવી યા ખાલી વહાણ આંહી આવેતો ઉપરેના નારના બંદરમાંમાલ ચડાવેલો ઉતારીલેવો હોયતેની ઉતરાંમણી તે બદરે જણ ૧ કે રૂ૧) લેએ ધરામણીના છે.

૮ આંહીથી માલભરી યા ખાલી વહાણ સુરત ભરૂચ વીગરે નારના બદરોમાં જાય ત્યાંથી માલ હોયતો ઉતારી તે વહાણમાં માલભરી યા ખાલી માલ બારજાય તેની ખલાશ ઉપર.લખ્યા પરમાણે શીવાય નારોન ઉપર લખ્યા બંદરોમાં ધરાએ તેની ધરામણી જણ ૧ કે રૂ૧)લેએ.

૯ મલબારથી નોરી અથવા વહાણ ધણીનો માલ ભરી મુબઇમાં ઉતારે તેનુ કાંઇ નહી ને નીરમ શીવાય માલ નોરીવ યા ધણીનો લઇ વહાણ આંહી આવે તો મુંબઇમાં ઉતરામણી જણ ૧ કે રૂ૦॥ લેએ કદી તે વહાણ ત્યાંથી તે મુંબઇથી માલભરી બારેજાય તો પણ ઉપર પરમાણે ઉતરામણી આપે

૨ આંહીથી માલ ભરી યા ખાલી વહાણ મુંબઇ જાય તેની ખલાશ ઉપર

લખ્યી છે તે પરમાણે ને મુંબાઇથી માલ ભરી સુરત ભરૂચ ઘોઘા ભાવનગર સુધી જાય ત્યાં માલ ઉતારી ત્યાંથી માલ ભરી યા ખાલી વહાણ મુબઈ આવે તેની ખલાશ જણ ૧ કે પ્રથમના વહીવટ પરમાણે જોઇ લેવું દેવું.

૨૩ આંહીથી માલ ભરી યા ખાલી વહાણ ભરૂચ જાય ત્યાં માલ લેવા ન પાળવે ને સુરત જાય તો ખલાસ દસતુર પરમાણે ભરૂચની ઉપર લખ્યા પરમાણે સીવય જણ ૧ કે રૂ૦ાા લેખે ધારામણાની ને આંહીથી સુરત ગયેલો હોય ત્યાં માલ. ન પાલવતા ભરૂચ જાયતો સુરતની ખલાશ ઉપર પરમાણે દેતાં જણ ૧ કે રૂ૦ાા લેખે.

વાપર તરફની હકીકત.

૨૪ આંહીથી ખાલી યા માલ ભરી વીશાવાડા તથા મીયાણી બંદર જાઇ ત્યાંથી ખાલી યા માલ ભરી વહાણ આંહી પાછુ આવેતેમાં જે ખલાશી ચડયા હોય તે જણ ૧કે આવતા જાતા શુધીની કોરી ૧) લેખે.

૨૫ આંહીથી વહાણ ઉપરની કલમ ૨૪માં લખીઆ, પરમાણે દ્વારેકા જઇ આવે તેની ખલાસ જણ ૧કે કોરી ૮ લેખે.

૨૬ આંહીથી બેટ વહાણ જઇ આવે તેની ખલાસ જણ ૧કે કોરી ૮ પરમાણે.

૨૭ આંહીથી વહાણ માંડવી બંદર જઇ ઉપર પરમાણે આવે તે જણ ૧ કે કોરી ૮આંઠ લેખે.

૨૮ આંહીથી વહાણ નગરના બંદરે જઇ ઉપર પરમાણે આવે તેની ખલાસ ૧) ની કોરી ૧૦ દસ લેખે.

૨૯ આંહીથી વહાણ ઉપર પરમાણે જાંબનેરના બંદરે જઇ આવે તે ખલાસ ૧)કે કોરી ૯) નવ લેખે વલતે માથે કોરી ૩) ખલાસ ૧કે રાહસાઇ.

૩૦ આંહીથી ઉપર પરમાણે વહાણ જોડીઆ બંદર જઇ આવે તેની ખલાશ ૧કે કોરી ૧૨) લેખે વલતા માથાની ખલાસ ૧કે કોરી ૨) જેમસાઇ.

૩૧ આંહીથી વહાણ ઉપર પરમાણે વવાણીઆ બંદરે જઈ આવે તેની ખલાસ ૧)કે કોરી ૧૩ તેર લેખે વલતા માથાંની કોરી ૩) લેખે ખલાસ ૧કે રાહસાઈ. આ વવાણીઆમાં જે કોરીનુ ચલણ હોયતે.

૩૨ આંહીથી વહાણ લખપત બંદર ઉપર પરમાણે જઇ આવે તેની ખલાસ ૧ ની કોરી ૯) લેખે વલતા માથાની ખલાસ ૧કે કોરી ૨) રાહાસાઇ લેખે આંહીથી મલબાર ગએલુ વહાણ આંહી આઈવુ. હોય તે વહાણ આંહીથી માલ

ઊતારી માંડી લખપત બંદર જાય તો ખલાસીની કોરી ૭)લેખે ને ત્યાંથી વળતાનુ ઉપર પરમાણે

૩૩ આંહીથી વહાણુ માલ ભરી હરેક રસ્તાના બંદરે થઈ કરાંચી બંદર જાય તેની ખલાસ ૧ની કોરી ૧૧)લેખે ત્યાંથી વલતા માલ ભરી યા ખાલી આંહી આવે. રસ્તાના બંદરો થઈ તે વલતા માથાની ખલાંસ ૧)કે ૨૧)લેખે અવલથી આખર મોસમ સુધી ઉપર પરમાણે.

૩૪ ઘોડા બારીના બંદરો ઉપર પરમાણે વહાણુ જાય તેની ખલાસ કલમ ૩૩ પરમાણે જાતા વલતાની હવે કદી કરાંચી જઈ ત્યાંથી ઘોડા બારી જવું પડે ને કરાંચીથી મામીઓ લઈ યા ભાવપાડ પુછી ઘોડા બારી જાય તો કરાચીની ધરામણી નહી.

૩૫ મલબાર વીગરે બીજા બંદરોમાં આંહીના ગયેલા વહાણુ માલ ભરી કરાંચી બંદર જાય તેની ખલાસની વીગત.

૧ મલબારથી માલ ભરી આંહીનાં બંદરે. વહાણુ આવી તેમાંથી કાંઈ માલ ઊતારી ચડાવી એ વહાણુ કરાંચી જાય તો ખલાસ આંહીથી કરાંચી સુધીની ખલાસ ૧)ની કોરી ૭)લેખે. તેમજ ઘોડા બારીની ખલાસ કરાંચી પરમાણે.

૨ મલબારથી માલ ભરેલા વહાણુ આંહીના બંદરે ધરે નહી તે બારોબાર કરાચી તથા ઘોડા બારી જાય તેની ખલાસ ૧) ની કોરી ૯) લેખે.

૩ મુંબઈ, સુરત. ભરૂચ વીગરે નારના બંદરોમાથી માલ ભરી વહાણુ આંહીના બંદરે આવે અથવા બારોબાર એ રીતે ઘોડા બારી તથા કરાંચી બંદર જાય તેની ખલાસ ૧ ની કોરી ૯) લેખે.

૪ ઉપર પરમાણે. ગએલા વહાણુ કરાંચી યા ઘોડાબારીથી માલ ભરી યા ખાલી રસ્તાના બંદરો થઈ આંહી આવે તેની; વલતા માથાની ખલાસ ૧)કે ૨ ૧) લેખે ૩ ૫ ખલાસ.

૫ કરાંચીથી વહાણુ આ તરફ આવતા ઘોડા બારીના બંદરે માલ ભરી યા ખાલી જાય તોપણુ ત્યાની ધરામણી જણ ૧કે ૨ ૧)લેખે.

૬ કરાંચીથી વહાણુ આંહી આવતા તેમા મુંબઈ અથવા મલબાર જાવા ઘોડા ચડા હોય તો આંહીથી મુંબઈ જાય તેની ખલાસ ઉપ ૨ લખ્યા પરમાણે તથા મલબાર જાય તેની ખલાસ ઉપ

૨ લખ્યા પરમાણે દેતા ઘોડા ચડા હોય તે બાબત મુંબઈ ઘોડા ઉ
તારેતો જણ ૧ કે રુoાા લેખે ને મલબાર ઘોડા ઉતરેતો જણ ૧ કે રુ૧) લેખે
૭ કરાંચી બંદરથી મલબાર જાવા મીઠું ભર્યું હોય તે બાબત તેની ચડામણી
જણ ૧) કે રુપીઆ લેખે.
૩૬ પોરબંદરથી માલ ભરી રસ્તાને બંદરે ધરી શાણમીઆણીના બંદરે જાય
તેની ખલાસ ૧)ની કોરી ૧૩ લેખે ને ત્યાંથી માલ ભરી યા ખાલી વહાણ
રસ્તાના બંદરોએ ધરી આહી આવે તેની ખલાસ ૧) કે રુપીઓ એક લેખે.
૩૭ આંહીથી વહાણ માલ ભરી યા ખાલી ઓરમારો તથા ગોવા બંદર તથા
એબાર તથા મશકતના બંદરોમાં એ ધરી જાય તેની ખલાસ ૧)ની કોરી
૧૫) લેખે તથા વલતે માથે ખલાસ ૧) કે રાલ oાા લેખે.
૩૮ આંહીથી વહાણ ભરી યા ખાલી બસરા બંદરે તથા તેની લગતી ના
રોમાં જાય તેની ખલાસ ૧)ની કોરી ૩૦ લેખે ને ત્યાં માલ હોય તો
ઊતારી યા ન હોયતો ત્યાંથી ભરી આંહી આવે તેનાં રસ્તાના બંદરો
માં માલ હિતારે યા ચડાવે એ રીતે વલવા માંથાની ખલાશ ૧) કે રાલ
૩) લેખે ઉપર લખ્યું વહાણ બસસે જાતાં કરાંચી માલ ઉતારે ચડાવે તો જ
ણ ૧) કે રુપીઓ ૧) લેખે કરાંચી જાતાં વલતા માલ ચડાવે ઉતારે નહીતો
ધરામણી બાબત કાંઈ લેવા દેવા નહી.
૩૯ આંહીથી માલ ભરી વહાણ શહેર ચકલા શાહુદ કરસન હામીના બંદરો
એ જાય તેની ખલાસ ૧)ની કોરી ૨૭) ને ત્યાંથી માલ ભરી આ તરફ
આવેતે વલતા માથાની ખલાશ ૧) કે રાલ oાા લેખે આ વહાણ જાતાં કરાં
ચી બંદર ધરે ને ત્યાં માલ ઉતારે ચડાવે તો જણ ૧) કે રુપીઓ ૧) લેખે ને
વલતા પણ કરાંચી બંદર માલ ઉતારે ચડાવે તો જણ ૧) કે રુપીઓ ૧) લે
ખે ને માલ કરાંચી બંદર ચડાવે ઉતારે નહીતો કંઈ નહી.
૪૦ આંહીથી યા વેરાવરનાં બંદરથી માલભરી આદન બંદર જાય તેની ખ
લાસ ૧ ની કોરી ૩૫) લેખે ને આદનથી માલભરી આ તરફ આવે તેની
ખલાશ ૧) ના રાલ પાા લેખે તે રાલ તથા કોરીની ખલાશ દેવાય તેમાથી
ખલાસ ૧ કે રાલ બે લેખે કાપી બાકી હીસાબે થાયતે લેવાય દેવાય કદી વ
હાણ આદનમાં વહાણ તવાઈ રહી મોસમ ખોલે આવેતો ખલાસ ૧) કે
રાલ ૨) તવાઈ બાબતનાં તેમાંથીપણ રાલ બે પ્રમાણે વારી આપે.

૪૧ આંહીથી વહાણ ઉપર કલમ ૪૦ માં લખ્યા પ્રરમાણે આદન જાયતે વહાણ શેહેર મકલામાં ધરી માલ ઉતારે ચડાવે તેની ધરામણી નથી.

૪૨ આંહીથી વહાણ કલમ ૪૦ મા લખ્યા પરમાંણે બરબરે જાયતો જાતાની ખલાશ કોરી ૩૫)ને વલતાની ખલાશ ૧ ના રાલ ૫ાા લેખે તે વહાણ આદન રસ્તામાં આવે ત્યાં જાય આવે તે જાતા વલતાની ધરામણી જણ ૧)કે રાલ ૧)લેખે તેમાંથી આના વલતા નથી કદી બુલર જાયતો આદ લના વહીવટ પરમાણે ધરામણી લેય દેય

૪૩ આંહીથી વહાણ કલમ ૪૦ માં લખ્યા પરમાણે મકલા આદન ભરી બપે જાય તેની ખલાશ ૧)ની કોરી ૩૫) લેખે ને વલતાની ખલાશ ૧) ના રૂપી આ૧૦ાા તેમાંથી ખલાસે રામ બે લેખે ઉપર લખ્યાછે તે પરમાંણે વારી લેય દેય.

૪૪ આંહીથી અથવા વેરાવલથી માસ ભગી આદન વહાણ જાય તે કરાંચી ને બંદરે ધરી માલ ચડાવે ઊતારે તો જણ ૧) દીઠ રૂપીઆ ૧) લેખે આપે તેમજ આદનથી વહાણ કરાંચી વલતા પાણી લેવા યા તોફાનના કારણથી જાયતો કાંઇ નહી ને તે શીવાયના કારણથી જાયતો જણ ૧કે રૂપીઆ ૧) લેખે.

૪૫ આંહીથી વહાણ માલભરી યા ખાલી જંગબાર તથા લાંમુના બંદરે જાય તે જતાની ખલાશ ૧ ની કોરી ૩૫) લેખે તથા વલતાના રાલ ૧૦)ખલાશ ૧) ના એ રીતે જતા વલતાની ખલાશ આ વહાણની તથા કરાંચી તથા શેહેર મકલા તથા આદનના બંદરે ધરી માલ ચડાવે યા ઉતારે તો કરાંચીનો જણ ૧કે રૂ૧) લેખે તથા શહેર મકલા તથા આદનનો જણ ૧ કે રાલ ૧) લેખે તેમજ વલતા ઉપર લખ્યા બંદરો એ ઉપર પરમાણે માલ ઉતારવા ધરે ને ચડાવે ઉતારેતો તેની ઉતરામણી ઉપર પરમાણે કવે આવના જતાની ખલાશના કોરી રાલ થાય તેમાથી ખલાશ ૧ કે રાલ ૨ લેખે વારી બાકી વધતે લેય દેય આંહીથી વહાણ માડવી બંદર માલ ચડાવા ઉતારવા જાય તેમ કરી એ વહાણ ઉપરના બંદરે જાયતો માડવીની જણ ૧કે કોરી૪ લેખે—જંગબારથી બુલર અથવા [illegible] જાય. તો તેની ખલાસ વીગર [illegible] વહાણ વાલા લેતા દેતા હોય તે [illegible]

૪૬ આંહીથી વહાણ મુબઇ જાય [illegible] ખલાશ દશતુર પરમાણે, [illegible] [illegible]

હવે તે વહાણ મુંબઇ ગયાબાદ આદન બરમા તથા જંગબાર તથા જાવ્યુ તથા બર બરાનાં બદરે વહાણ જાય તો ત્યાંની ખલાસ આહીથી કોરી ૩૫ લખે તે લેય હવે મુંબઇની ખલાશ જે લેવા હોળ હોય તેમાથી અરધ ખલાશ ખલાશી મુજરે આપે ને ઊપર લખ્યા બંદરમા જે બંદર ગયું હોય ત્યાંથી વલી અહીં આવે તેનું ઉપર લખ્યુ છે તે પ્રમાણે લેય દેય જે આના બે કલમા ઉપર બયાન આવેલ છે તે પરમાણે હોય તેના કપાય.

૪૭ અહીંથી વહાણ મલબાર રસતાના બંદરાએ થઇ મલબાર જાય તે મલબારની ખલાશ ત્યાંના દશતુર પરમાણે લીધેલ હોય હવે તે વહાણ મલબારથી આદન જંગબાર બબ્બા બરબરા એ હરેક બંદરે જાય તો તેની ખલાસ ૧) ની કોરી ૩૫) લખે લેય હવે આંહીથી મલબાર સુધીની જે ખલાસ લીધી હોય તેમાંથી અરધ ખલાસ વેપારીને ખલાસી મુજરે આપે મલબારમાંથી વહાણ હંકારે ત્યારે ૨૫) ખલાશી અરચીઆન તે ખુદ તેમાંથી આના દશતુર પરમાણે વરે.

૪૮ મલબારથી શહેર મુકલા જાય તે ખલાસ ૧) ની કોરી ૨૭) આપે આંહીથી મલબાર સુધીની ખલાશ કોરી ૨૧) લખે લીધેલ હોય તેમાથી અરચીઆન મુજરે આપે મલબાર વલતા ખલાશ ૧) ૨ [illegible] લેખે.

૪૯ શાં૦ ૧૯૩૦ ના અશાડ બીજા સુદ ૧૩ [illegible] લખત કરી આપેલછે, તેની કલમ ૧૦–૧૫ માં લખીઆ પરમાણે આપે.

૫૦ ઉપર લખ્યા બંદરો સીવાય બંદરે વહાણ જવું પડે ત્યાં તે વહાણના માલમ ખલાશી વહાણ લઇ જાય તેની ખલાસ વીગેરેનું બયાન આમાં લખાએલ ન હોય તેનુ આગલના વહીવટ પરમાણે જોઇ તપસી લેય દેય.

૫૧ હરેક વહાણ દેશાવર જાય ત્યાં ઉપરના કરાર પરમાણે લેય દેય તેમાં કાંઇ તકરાર પરશપરને આવેતો ત્યાં તે વહાણને રૈ હકત હરકત અટકાવ ન કરે આંહી આવતાં જે તકરાર હોય તે વહાણ માલીકને ખારવા ભેરા થઇ આ લખત જોઇ તેમાં લખ્યા પરમાણે લેય દેય કરી તેમ પણ તેને સમજણ ન થાયતો ક્ષ્ટમના અધીકારીને ખારવા જાહેર કરે કે આ લખતમાં લખ્યા પરમાણે તપાસ કરી પરશપરની તકરાર હોય તેનું અપાવે લેવા દેવાની ઇ

રકત કરાર પડેતો ઉપર પ્રમાણે દાનશાક મેલવે પણ વહાણુમાં યા તેના કામમાં હરેક રીતે હરકત ન લાવે.

૫૨ આ બાબતની બાબતમાં વેપારી વાણોત ખલાસીને ઠરાવ પરમાણે ચાલવું તેમાં ખારવાની નાત આ કરાર બાબત તેની નાત શત્રુ વાપરી શકે નહીં.

૫૩ જંગબાર વહાણુજાય ત્યાંના બંદરે માલ ચડાવે ઉતારે તેની ઉતરામણી જણ ૧)કે રાલ ૦ll લેખે આપે.

૫૪ મનબારથી માલ ભરી વહાણુ મકલે થઇ આદન જાય તે વહાણુ મકલાના બંદરે ધરી માલ ચડાવે ઉતારે તો તેની ઉતરામણી જણ ૧)કે રાલ ૦ll લેખે

૫૫ મુંબઇ વહાણુ ગએલ હોય તે મુંબઇના ઉપર યા બંદરમાં જઇ ત્યાંથી કોલસા ભરે તો તે કોલસાની ચડામણી ઉતરામણી જણ ૧)કે રૂ૦ll લેખે.

૫૬ કરાંચીના બંદરે વહાણુ ગયેલ હોય ત્યાંથી મલબાર જનાર હોય તે વહાણુ કરાંચીના બંદરમાંથી મીઠું ભરી મલબાર જાયતો તેની ચડામણી ઉતરામણી જણ ૧)કે રૂ૨) લેખે.

૫૭ વહાણુ કરાચી તથા ધોડા બારી ગએલહોય તે વહાણુ મલબાર જાય યા આંહીના બંદરેથી પરબારૂં મલબાર જવા હંકારીઉ હોય તે વહાણુ કરાંચી બંદર ધરી ત્યાંથી માલ ચડાવે ઉતારે માલ લઇ મલબાર જાય તે વહાણુની કરાંચી તથા ધોડા બારીના બંદરની ચડામણી ઉતરામણી ધરામણી છે નહીં ને તે બાબત તકરાર હતી તે ખારવા લોકોએ મલીને લેવા કબુલ કયરૂં બા કી ઉપર જે કરાંચી ધોડા બારીના બંદરનું ધરામણી ઉતરામણી લખાએલ છે તે પરમાણે લેય દેય.

૫૮ ઉપર લખી બાબત શીવાય ખારવાને પેઠી યા બીજરે લેવા દેવાના વહીવટ જેવી રીતે હંમેશા ચાલેછે તે પરમાણે લેય દેય.

૫૯ ઉપર લખેલ બાબત સીવાય જે બાબત હોયતે હંમેશના વહીવટ પરમાણે બને ચ.લે.

૬૦ વહાણુના વાણોત યા ખલાશી વહાણુમાં ચોરી કરે નહી ઉપર લખ્યા પર માણે વહાણુના રોજગારી વેપારીઓ તથા ખારવાની નાત સમશત ભેરી થઇ ઉપર લખ્યા પરમાણે કબુલ કરી આ બાબત લખી આપઇ છે તે હમારે

ખતેમે કબુલ જાહેર કરે છે સં૦ ૧૯૩૧ ના શ્રાવણ શુઃ ૯ વાર સોમ તા૦૧૦ મા ઓગસ્ટ સને ૧૮૭૫ ઇસવી દા૦ ઝવેરચંદ નારાણજી ખારવા તથા બે પારીના કેહેવાથી લખ્યું છે.

૧ ઠકર પરાગજી લખમીદાશ ની શઇ
ઉપર લખ્યું તે શઇ દા૦ ડુગરસી વંદરાવનના છે.

૨ ઠકર મનજી કલાણ
દા૦ ઠકર મુળજી મનજી દા૦ પોતાના ઉપર લખ્યું તે શઇ.

૩ ઠકર ભગવાનદાશ પરાગજીની શઇ
દા૦ હંસરાજ ભગવાનદાસ ઉપર લખ્યું તે શઇ.

૪ ઠકર લીલાધર પ્રાગજીની શઇ.
દા૦ વંનદરાવંન ઓધવજી ઉપર લખ્યું તે શઇ.

૫ ઠકર વાહાલજી લાલા
ઉપર લખ્યુ તે સહી દા૦ લીલા વાહાલજીની સહી.

૬ ઠકર કાના જીવન
ઉપર લખ્યુ તે સહી દા૦ ગાગજી કાનજીની સહી.

૭ ઠકર મનજી કેસવજી
ઉપર લખ્યું તે શહી દા૦ ડાયા વામનજી.

૮ ઠકર કરસનદાસ મથુરાદાશ
જાત ઉપર લખ્યુ તે સહી દા૦ મુરારજી.

૯ ઠકર હરીદાશ તલસીદાશ
ઉપર લખ્યુ તે સહી દા૦ ગોકલદાસ.

૧૦ ઠકર લાધા ભાણજીની સહી.
ઉપર લખ્યુ તે કબુલછે દા૦ આનંદજી લાધા.

૧૧ ઠકર દાયા ધારશીની સઇ ઉપર લખ્યુ તે કબુલ દા૦ પરસોતમ વર્દ્ધમાન.

૧૨ ઠકોર હરજીવન સવજીની સઇ ઉપર લખ્યુ તે કબુલછે
દા૦ મુરારજી ગધવજી.

૧૩ ઠકર અગ્રભોજ રાય દા૦ પરસોતમ અગ્રભોજની સઇ
ઉપર લખ્યુ તે કબુલછે દા૦ જેઠા વા૦ પરસોતમ.

૧૪ ઠકર મુળજી નરશીની સઇ છે ઉપર લખ્યુ તે કબુલછે દા૦ ગીરધરદાસ

વા૦ મુળજી સરાગણ સુદ ૧૦ને દીને
૧૫ ૪૬૨ લીખાવર કેશવજી દા૦ બાનજી ઉપર લખાણુ તે કબુલછે
દા૦ મેતા કાલા

૧ દા૦ વાણોત નરસીમંગા તથા ભવાન હરજી વાણોત તથા માવા મુલા ગોધાવાલા તથા કરશાન મકાદમ તથા માવા કેશવ જુગી તથા ખારવા વીગરેની નોત શમશત શ્રી દરબાર કચેરીએ હાજાર થઈ આ લખત લખીઆપ્યુંછે તે પરમાણે શઉ નાતને કબુલ મંજુરછે તો માલમ ધના ખીમા માલમનાછે.

૧ દલાલ સા દામા દેવજીની સઈ ધણી બેના કહેવાથી દા૦ પોતાના.

સ મા સ.